# Day to Day Current Affairs

23.Dec 2015

## ૧. ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન ચેમ્પિયન ઓફ ધ યર:

- તાજેતરમાં ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશને (ITF) વર્ષના અંતે અલગ – અલગ કેટેગરીમાં ચેમ્પિયન ઓફ ધ યર એવોર્ડની જાહેરાત કરી.
- ભારતની સાનિયા મિર્ઝા અને સ્વિત્ઝલેન્ડની માર્ટીના હિંગીસને ITF એ વિમેન્સ ડબલ્સ વર્લ્ડ ચેમ્પિયન ઓફ ધ યર જાહેર કર્યા છે.
- મેન્સ સિંગલ્સમાં નોવાક યોકોવીચને વર્લ્ડ ચેમ્પિયન જાહેર કરવામાં આવ્યા.
- તેમજ વિમેન્સ સિંગલ્સમાં સેરેના વિલિયમ્સને વર્લ્ડ ચેમ્પિયન્સ જાહેર કરવામાં આવ્યા.
- સેરેના વિલિયમ્સે આ છઠ્ઠુ ટાઈટલ મેળવ્યુ જ્યારે યોકોવીચે સળંગ પાંચમી વખત વર્લ્ડ ચેમ્પિયનનો ખિતાબ પ્રાપ્ત કર્યો હતો.

## ૨. ઈશાન કિશન – ક્રિકેટર :

- બાંગ્લાદેશમાં આગામી 27 જાન્યુઆરીથી યોજાનાર અન્ડર – 19 વર્લ્ડકપમાં ભારતની ટીમના કેપ્ટન ઝારખંડનો ઈશાન કિશાન હશે. - જ્યારે વાઈસ કેપ્ટન દિલ્હીનો રીષભ પંત રહશે.
- અંડર 19 ટીમના કોચ – રાહુલ દ્રવિડ.
- પસંદગી સમિતિના અધ્યક્ષ : વેકટેશ પ્રસાદ.

## ૩. બ્રેન્ડન મેક્કુલમ : ન્યુઝિલેન્ડ ક્રિકેટર

- ન્યુઝિલેન્ડના વિસ્ફોટક બેટ્સમેન બ્રેન્ડન મેક્કુલમે તાજેરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતીની જાહેરાત કરી.
- ફેબ્રુઆરી,2016માં ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી બાદ તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટર તરીકેની કારકીર્દિ પર પૂર્ણવિરામ મુકશે.
- મેક્કુલમે 99 ટેસ્ટ, 254 વન ડે અને 71 ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમી ચે જેમા સર્વાધિક સ્કોર અનુક્રમે 302, 166 અને 123 છે.

## ૪. ભારતીય સિંહોને અમેરિકાએ રક્ષીત પ્રાણીની યાદીમાં મુક્યા :

- તાજેતરમાં અમેરિકાએ ભારત અને આફ્રિકાના સિંહોને ‘ઈન્ડેન્જર્ડ’ એટલે કે ભયમાં મુકાયેલા સજીવો જાહેર કર્યા છે.
- અમેરિકાની સર્વોચ્ચ વાઈલ્ડ લાઈફ સંસ્થા ‘યુએસ ફિશ એન્ડ વાઈલ્ડલાઈફ સર્વિસ’ એ આ માહિતી આપી હતી.
- ટ્રોફી હન્ટિંગના કારણે અમેરિકાએ આ નિર્ણય લીધો છે.
- જો કે ભારતીય સિંહો પહેલેથી જ સુરક્ષીત છે.
- ટ્રોફી હન્ટિંગ :
- આફ્રિકાના ઘણા દેશોમાં ‘ટ્રોફી હન્ટિંગ’ નામનો વ્યવસાય ચાલે છે.
- ટ્રોફી હન્ટિંગ એટલે મોંઘી સરકારી પરમીટ લઈને જંગલમાં વિચરતા પ્રાણીઓનો શિકાર કરવો.
- શિકાર પછી શિકારી મૃત પ્રાણીના અંગો પોતાની સાથે ઈનામ (ટ્રોફી) તરીકે લઈ જાય છે. એટલે એનું નામ ત્રોફી હન્ટિંગ રખાયું છે.
- હવે, અમેરિકાના આ નિર્ણયને લીધે આવા પ્રાણીઓના અંગો અમેરિકામાં મુક્ત રીતે લાવી શકાશે નહી અને આડકતરી રીતે સિંહોના શિકારને પ્રોત્સાહન મળતુ બંધ થશે.

## ૫. જુવેનાઈલ જસ્ટિસ બિલ :

- રાજ્યસભામાં બહુચર્ચીત જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) બિલ પસાર થયું.
- હવેથી જઘન્ય અપરાધોમાં 16 વર્ષના સગીરો સામે પણ પુખ્ત તરીકેનો કેસ ચાલશે.
- પસાર કરાયેલો સુધારેલો ખરડો જુવેનાઈલ જસ્ટિસ એકટ 2000 નું સ્થાન લેશે.
- જઘન્ય અપરાધોમાં 16 – 18 વર્ષના સગીરોને જેલમાં મહત્તમ 7 વર્ષની સજા થશે જે અગાઉ જુવેનાઈલ બોર્ડમાં કેસ ચાલતો અને સજા થતાં તેમને મહત્તમ 3 વર્ષ કરેકશન હોમમાં રખાતા હતાં.
- 16 થી 18 ની ઉંમરમાં ઓછો ગંભીર ગુનો આચરનાર 21ની ઉંમર બાદ ઝડપાય તો પુખ્ત તરીકે જ કાર્યવાહી હાથ ધરાશે.
- દેશના દરેક જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ અને બાળ કલ્યાણ સમિતિઓની રચના થશે.
- સગીરે કરેલ અપરાધ બાદ જુવેનાઈલ બોર્ડ નક્કી કરશે કે સગીરને પુનર્વસન માટે મોકલવો કે તેની સામે પુખ્ત તરીકે કેસ ચલાવવો.
- આ કાયદાનો અમલ પાછલી અસરથી નહી થાય.

### પ્રશ્નો

૧. તાજેતરમાં ITF દ્વારા વિમેન્સ ડબલ્સમાં કઈ જોડીને ચેમ્પિયન ઓફ ધ યર જાહેર કરી ? – સાનિયા મિર્ઝા – માર્ટિના હિંગીસ

૨. તાજેતરમાં ITF દ્વારા મેન્સ સિંગલ્સમાં કોને ચેમ્પિયન ઓફ ધ યર જાહેર કર્યો ? – નોવાક યોકોવિચ

૩. તાજેતરમાં ITF દ્વારા વિમેન્સ સિંગલ્સમાં કોને ચેમ્પિયન ઓફ ધ યર જાહેર કર્યો ? – સેરેના વિલિયમ્સ

૪. ITF નું પુરુ નામ જણાવો .... ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન

૫. ઈશાન કિશાન કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ક્રિકેટ

૬. અન્ડર 19 T -20 વર્લ્ડ કપ – 2016 કયાં યોજાશે ? – બાંગ્લાદેશ

Vivekanand Academy, Gandhinagar

૭. બાગ્લાદેશમાં આગામી વર્ષે યોજાનાર અન્ડર – 19 વર્લ્ડ કપમાં ભારતીય ટીમના કેપ્ટન જણાવો... ઈશાન કિશન

૮. ભારતીય અન્ડર – 19 ક્રિકેટ ટીમના કોચ હાલામાં કોણ છે ? – રાહુલ દ્રવિડ

૯. તાજેતરમાં ક્યાં ન્યુઝિલેન્ડ ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતીની જાહેરાત કરી ? – બ્રેન્ડન મેક્કુલમ

૧૦. તાજેતરમાં ક્યાં દેશ દ્વારા ભારતીય સિંહોને રક્ષીત પ્રાણીની યાદીમાં મુક્યાં ? – અમેરિકા

૧૧. તાજેતરમાં રાજ્યસભામાં ક્યું બિલ પસાર થયું જેનાથી 16 વર્ષના સગીર સામે પણ જઘન્ય અપરાધમાં પુખ્ત વયના જેટલી જ કાર્યવહી થશે ? – જુવેનાઈલ જસ્ટિસ બીલ

Vivekanand Academy, Gandhinagar